# ડીસામાં હનુમાન જન્મજયંતિ નિમિત્તે ઠેર ઠેર હવન યોજાયા

ડીસા, તા. ૧૫

ડીસા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં હનુમાન જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. હનુમાનના મંદિરોમાં મારૂતિ યજ્ઞો સહીતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. ડીસા શહેરના તમામ વિસ્તારોમાં પવન સૂતના નાના મોટા મંદિરો આવેલા છે. જ્યાં વહેલી સવારથી જ ભક્તોનો ધસારો જોવા મળ્યો હતો અને મંદિરોમાં હોમ હવન, ભજન કીર્તન અને ભોજન પ્રસાદના કાર્યક્રમો યોજાયા હતા.

ડીસા શહેરમાં ધણ હનુમાન મંદિર, રોકડીયા મંદિર, મામલતદાર રોડ પર આવેલ ઝઘડીયા હનુમાન, પંચમુખી હનુમાન, ચેતન હનુમાન, રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ હનુમાન તેમજ ડીસા-પાટણ ચાર રસ્તા પર પેટ્રોલપંપ પાસે આવેલ બાબા હનુમાન મંદિર સહિત શહેરના વિવિધ મંદિરોમાં હનુમાન જન્મ જયંતિની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. મામલતદાર રોડ પર આવેલ ઝઘડીયા હનુમાન ખાતે કેક કાપી દાદાનો જન્મોત્સવ ઉજવાયો હતો. ડીસા પાટણ હાઈવે રોડ પર રાત્રે લોકડાયરો યોજાયો હતો. જેમાં વિરેન્દ્ર પ્રજાપતિ એન્ડ ગૃપ દ્વારા ડાયરાની રમઝટ બોલાવી હતી. ભક્તોએ હોમહવન, ભોજન પ્રસાદનું આયોજન કર્યું હતું તેમજ દાદાને સિંદુર, આકડાના ફુલ તેલ ચડાવી પુજા અર્ચના કરી હતી.





(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# બહુચરાજીમાં ચૈત્રી પૂનમે માનવ મહેરામણ ઉમટયો

મહેસાણા, તા.૧૫

મહેસાણા જિલ્લાના ચુંવાળ પ્રદેશમાં આવેલ સુપ્રસિધ્ધ શકિતપીઠ બહુચરાજીમાં આજે ચૈત્રી પૂનમના રોજ શ્રધ્ધા ભકિતના ઘોડાપુર ઉમટયા હતા. ચૈત્રી પૂનમ એટલે મા બહુચરનો પ્રાગટયદિન હોવાથી માના ધામમાં દર વર્ષે ચૈત્ર સુદ તેરસ, ચૌદસ અને પૂનમ એમ ત્રણ દિવસ સુધી લોકમેળો ભરાય છે તેમ આ વર્ષે પણ લાખોની સંખ્યામાં ભાવિક ભકતો, પગપાળા સંઘો એ ચુંવાળ ચોકમાં ઉમટી પડી મા બહુચરના આર્શીવાદ મેળવ્યા છે.

દરમિયાન પૂનમના દિવસે માના ધામની શોભા અનેરી હોય છે. ‘જય બહુચર’ના નાદથી સમગ્ર વાતાવરણ ભકિતમય બની ગયું હતું. અબીલ-ગુલાલ, ઢોલ, ત્રાંસા અને વલ્લભ ભટ્ટ રચિત આનંદના ગરબાની ધૂનમાં ભાવિકો મસ્ત બની ગયા હતા. બહુચરાજીના મેળામાં સમગ્ર ગુજરાતમાંથી ઘણી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ, પગપાળા સંઘોના આગમનથી માના ચોકમાં દર્શન માટે લાંબી કતારોથી હતી. ચૈત્રી પૂનમે રાત્રે સાડા નવ વાગે બહુચરાજી નિજ મંદિરેથી પરંપરાગત રીતે માની શાહી સવારી અને શોભાયાત્રા માના આદ્યસ્થાનક નજીકના શંખલપુર ગામે પ્રસ્થાન થઈ હતી. આ સમયે પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. અત્રે શંખલપુર ટોડા મંદિરમાં બંને માતાજીના પૂજન અર્ચન થયા પછી ગામની પ્રદક્ષિણા કરીને શોભાયાત્રા નીજ મંદિરે પરત ફરે છે. આ શોભાયાત્રામાં હજજારોની સંખ્યામાં ભકતજનો જોડાય છે.

બીજું બહુચરાજી નજીકના શંખલપુર ગામે માના આદ્ય સ્થાનકે પણ ચૈત્રી પૂનમ નિમિત્તે ત્રિદિવસીય લોકમેળાનું આયોજન થયું હતું. જેથી અહીં પણ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ માના દર્શન માટે ઉમટયા હતા.

# ઊંઝામાં આઈપીએલ ટુર્નામેન્ટના પગલે સટ્ટાબજાર સક્રિય

ઊંઝા, તા.૧૫

દેશમાં તા. ૧૬ એપ્રિલથી શરૂ થનાર આઈપીએલ ટવેન્ટી-ટવેન્ટી ટુર્નામેન્ટને પગલે ક્રિકેટ મેચ પર સટ્ટો લેતા બુકીઓ તથા સટ્ટોડીયાઓ સજજ બની ગયા હોવાનું ચર્ચાય છે. વેપારી મથક અને આર્થિક રીતે સમૃધ્ધ ગણાતા ઊંઝા શહેરમાં પોલીસની રહેમ નજર હેઠળ છેલ્લા ઘણા સમયથી ક્રિકેટમેચ આધારિત ધૂમ સટ્ટાનું દૂષણ વ્યાપી ગયેલ છે. શહેરમાં જુદા જુદા સ્થળોએ આવેલ કેટલીક દુકાનો તેમજ રહેણાંકના મકાનો તેમજ વાહનોમાં કોમ્પ્યુટરની મદદથી સટ્ટોડીયા તત્વો ક્રિકેટ મેચો પર સટ્ટાનું નેટવર્ક ચલાવવા માટે સક્રિય બની ગયા છે.

આઈપીએલની મેચો શરૂ થવાની છે ત્યારે ક્રિકેટ સટ્ટા સાથે સંકળાયેલા સટ્ટોડીયાઓ તેમજ ક્રિકેટ મેચ આધારિત જુગાર રમતા રમાડતા તત્વોએ આ અંગેની તૈયારીઓ મહદઅંશે પૂર્ણ કરી દીધી છે. કહે છે કે શહેરમાં ઘણા વખતથી સટ્ટાનું દૂષણ ફેલાયેલ છે. આ ગેરકાયદે પ્રવૃત્તિમાં અત્યાર સુધીમાં કેટલાય નવયુવાનો તથા અન્ય વ્યકિતઓ આર્થિક રીતે બરબાદ થયા છે અને થઈ રહ્યા છે. કેટલાક વ્યકિતઓએ સટ્ટામાં નુકસાની કે દેવું થઈ જવાથી જાન પણ ગુમાવ્યા છે તેવું ચર્ચાય છે.

પોલીસ તંત્ર દ્વારા અવારનાર દરોડો પાડવામાં આવે છે પરંતુ આ સટ્ટાના દૂષણને ડામવા માટે કોઈ જ અસરકારક પગલા ભરાતાં નથી. પરીણામે આ પ્રવૃત્તિએ મુળીયા નાંખી દીધાં છે. આ પ્રવૃત્તિ ચાલવા પાછળ પોલીસને આર્થિક રીતે મોટો ફાયદો થતો હોવાનું ચર્ચાય છે. જેથી આ પ્રવૃત્તિ બંધ થાય તેમ પોલીસ ઈચ્છતી નથી તેવું પ્રજામાં બોલાય છે. શહેરમાં ક્રિકેટ સટ્ટાની સાથે વરલીમટકાં, પત્તાપાનાના જુગારની પ્રવૃત્તિ, દારૂ, છેડતી અનીતિધામ જેવી સમાજ વિરોધી પ્રવૃત્તિઓ પણ ચાલી રહી હોવાનું કહેવાય છે. આ ગેરકાયદે બદીઓને સંપૂર્ણ નેસ્ત નાબૂદ કરવા પોલીસ દ્વારા પગલાં ન ભરાતાં ગુનાહિત પ્રવૃત્તિઓ વકરી જવા પામી છે.

કહે છે કે, જૂના રીઢા સટ્ટોડીયાઓની સાથે નવા નિશાળીયાઓએ પણ આ ધંધામાં ઝપલાવ્યું છે. લોકોને આર્થિક રીતે બરબાદ અને પાયમાલ કરનારી આ ગેરકાયદે બદી સામે પોલીસ સખ્ખાઈથી કાનૂની રાહે પગલાં ભરે તેવું બુદ્ધિજીવી વર્ગના લોકો ઈચ્છે છે.



પાટણ જિલ્લા પોલીસ અને પત્રકારો દ્વારા મતદાન જાગૃતિ માટે આજે પાટણના બગવાડા દરવાજા ખાતે વાહન ચાલકોને ગુલાબનું ફૂલ આપી અવશ્ય મતદાન કરવા સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પોલીસ તંત્રના અધિકારીઓ કર્મચારીઓ અને પત્રકારો જોડાયા હતા. (ચેતન રામી, પાટણ)

# ખેડબ્રહ્મા ચૈત્રી પૂનમે દર્શન તથા મેળો માણવા ભક્તો ઉમટ્યા

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા ચૈત્રી પૂનમે મા અંબાનુ યાત્રાધામ શ્રદ્ધાળુઓથી ઉભરાયુ હતુ. નાના અંબાજી તરીકે પ્રખ્યાત ખેડબ્રહ્માના પવિત્ર ધામમાં મા ભગવતીના દર્શને હજારો શ્રદ્ધાળુઓ માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. અને મા ના ચરણોમાં મસ્તક નમાવી ધન્યતા અનુભવી હતી.

મંગળવાર વહેલી સવારથી જ પવિત્ર ચૈત્રી પૂનમના દિવસે માતાજીના દર્શન તથા શ્રીફળ, કંકુ, ચુંદડી, પ્રસાદ ચડાવી ધન્યતા અનુભવતા માઈ ભક્તોની લાંબી કતારો તથા ભીડ રાત્રી સુધી લગાતાર ચાલુ રહી હતી. પગપાળા સંઘોનો આ વર્ષે પણ ઘસારો જોવા મળતો હતો.

અમદાવાદ, વડોદરા, તરફથી આવતા સંઘો બેન્ડવાજા સાથે અંબાના ચાચર ચોકમાં ગરબે ગુમે છે. મા ભગવતીના દર્શન કરવા તથા મેળો મહાલવા આવતા યાત્રીકોના માનવ મહેરામણની ભીડ જામી હતી. સમગ્ર શહેર જય અંબેના નાદથી ગુંજી ઉઠ્યુ હતુ. પુનમ નિમિત્તે અંબિકા માતાજી મંદિરના ટ્રસ્ટીઓ તથા સ્ટાફ દ્વારા દર્શનાર્થીઓ માટે વ્યવસ્થા કરી હતી તેમજ પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ભિલોડા તાલુકામાં હનુમાન જયંતિ ધામધૂમથી ઉજવાઈ

ભિલોડા, તા.૧૫

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં શ્રી હનુમાજી મહાવીર જન્મજયંતીની ભક્તિભાવ પુર્વક શ્રધ્ધાભેર ઉજવણી યોજાઈ હતી. શ્રી હનુમાનજી મહાવીરના મંદીરોમાં દર્શનાર્થે ભાવિક ભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા. શ્રી રામચંદ્ર ભગવાન મર્યાદા પુરૂષોત્તમ ને પણ ઋણી રાખ્યા હતા. શ્રી હનુમાનજી મહાવીરની જન્મજયંતી નિમિત્તે હનુમાનજી મહાવીરના મંદીરોમાં, ધાર્મિક સ્થાનોમાં ધાર્મિક કાર્યક્રમો ભક્તિભાવપુર્વક યોજાયા હતા. હનુમાન જન્મજયંતી નિમિત્તે ભાવિકભક્તો ધ્વારા સંગીતમય સુંદરકાંડના પાઠ, મારૂતી યજ્ઞ, હનુમાન ચાલીસા ગાનની શુરાવાલીમાં ભાવિક ભક્તો તલ્લીન બન્યા હતા. અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં પવનપુત્ર હનુમાન જન્મજયંતીની શ્રધ્ધાભેર, ભક્તિ ભાવ પુર્વક, ધામ-ધુમથી ઉજવણી યોજાઈ હતી. શ્રી રામ ભક્ત હનુમાનજીના મંદીરોમાં દર્શનાર્થે વહેલી સવારથી જ ભાવિકભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા. અત્ર-તત્ર-સર્વત્ર હનુમાનજીના મંદીરોમાં શ્રધ્ધાળુ ભાવિકભક્તોએ હનુમાનજીના મંદીરોમાં પૂજા, અર્ચના, આરતી દર્શન કરી ધન્યતા અનુભવી મહાપ્રસાદીનો લાભ લીધો હતો. ભિલોડાના રોકડીયા હનુમાનજી મંદીર, મોહનપુરના રૂડા હનુમાનજી મંદીર, પહાડાના ઈચ્છાપુર્ણ બાલબ્રહ્મચારી હનુમાનજી, ભેટાલી ગામના હનુમાનજી મંદીર, ઘાંટી ગામના શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદીર સહિત ઠેર-ઠેર હનુમાનજીના મંદીરોમાં ભાવિકભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા. શ્રી હનુમાનજી મહાવીરના મંદીરોમાં જય જય બજરંગબલી દાદાનો જય જયકાર..... રામ લક્ષ્મણ જાનકી..... જય બોલો હનુમાન કી..... જય હો.....નો નાદ આજે વહેલી સવારથી ભક્તિમય રીતે ગુંજતો હતો.

શ્રી અંજની પુત્ર શ્રી હનુમાનજી મહાવીરના મંદીરોમાં મારૂતી યજ્ઞ, સુંદરકાંડ પાઠ, હનુમાન ચાલીસાનો પાઠ, રામધુન તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. હનુમાનજીના મંદીરોમાં ભાવિક ભક્તોના ઘોડાપુર વહેલી સવારથી ઉમટ્યા હતા. હનુમાનજી મહાવીરની જન્મજયંતીના પાવન પર્વ નિમિત્તો અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર શ્રી હનુમાનજી મહાવીરના મંદીરોમાં ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી યોજાઈ હતી. જય જય જય હનુમાન ગોસાંઈ કૃપા કરો ગુરૂદેવકી નાઈ..... શ્રી ગુરૂચરન સરોજ રજ નિજ મન મુકુર સુધારી, વર્ણો શ્રી રઘુવીર બિમલ યશ જો દાયક ફલ ચાર બુધ્ધી હિન તનુ જાનીકે સુમીરો પવનકુમાર, બલ-બુધ્ધી-વિદ્યા દેહું મોહી હરહું કલેશ વિકાર.....



# ભિલોડા તાલુકાના પાદરા ગામમાં મહુડા વીણવા બાબતે તકરાર

ભિલોડા,તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના પાદરા ગામમાં મહુડા વીણવા બાબતે તકરાર દરમ્યાન ઝગડો ઉભો કરી ઉંધી કુહાડી કપાળના ભાગે મારી ગળદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આરોપીઓ ધ્વારા આપવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. સરસ્વતીબેન બલાતના જણાવ્યા મુજબ પાદરા ગામમાં મહુડા વીણવા બાબતે તકરાર દરમ્યાન મનફાવે તેમ અપશબ્દો બોલી ઉંધી કુહાડી વીરજીભાઈ બદાજી નિનામાના કપાળના ભાગે મારી, લોખંડનો સળીયો પીઠ ઉપર મારી દેતાં તેમના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી હતી. આ બનાવ સંદર્ભે ભિલોડા તાલુકાના પાદરા ગામના રહેવાસી વીરજીભાઈ બદાજી નિનામાએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પાદરા ગામના (૧) કૌશીકભાઈ ધુળજીભાઈ નિનામા (૨) મુકેશભાઈ ધુળજીભાઈ નિનામા (૩) જાગૃતીબેન મુકેશભાઈ નિનામા (૪) વર્ષાબેન કૌશીકભાઈ નિનામા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

## હરિભાઈ ચૌધરી ડીસામાં લોક સંપર્ક કરશે

બનાસકાંઠા સંસદીય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર હરિભાઈ ચૌધરી બુધવારે બનાસકાંઠા મત વિસ્તારના ડીસા તાલુકાના ગામોમાં લોક સંપર્ક કરશે. સવારે ૧૦.૩૦ કલાકે રાણપુર આથમણો વાસ, ૧૧.૩૦ કલાકે રસાણા મોટા, ૧૨.૩૦ કલાકે ઢુવા, ૨ કલાકે વાસણા, ૩.૩૦ કલાકે સાંડીયા, ૪.૩૦ કલાકે વડાવલ અને ૬ કલાકે ઓઢવા ખાતે લોકસંપર્ક કરીને ભાજપના કમળને વિજયી બનાવવા જાહેર જનતા જનાર્દનને અનુરોધ કરશે.

# મોડાસામાં આંબેડકર જયંતિ ઉજવાઈ

મોડાસા, તા. ૧૫

ભારત રત્ન સન્માનિત ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતિની ઉજવણી પર્વે મોડાસાની અનેક સોસાયટીના રહીશો દ્વારા આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ જન્મ જયંતિની ઉજવણીમાં મોડાસાની ઋષિકેશ સોસાયટી, કૃષ્ણનગર સોસાયટી, સહિતની અનેક સોસાયટીના રહીશોની ઉપસ્થિતિમાં બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. જ્યારે વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નિલેશભાઈ જોષી, ભરતભાઈ પરમાર, દુર્ગેશભાઈ પ્રણામી, સોમભાઈ પરમાર, ડૉ. સુભાષભાઈ પંડ્યા સહિત અનેક આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ સફળ બનાવવા માટે યંગ બ્લડ એસોસીએશનના જયેશ અમીન, શશિકાન્ત આચાર્ય સંતોષ બારોટ, રાઘે મોરી, રોશન પરમાર, મયુર પંડ્યાએ ભારે જહેમત ઉઠાવી હતી.



## માલપુર તાલુકાના અણિયોર ગામે હાટકેશ્વર જયંતિ ધામધૂમથી ઉજવાઈ

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં આવેલ અણિયોર ગામમાં વિસનગરા નાગર બ્રાહ્મણ સ્વ. ભીખાલાલ જેઠાલાલ ભટ્ટના સમસ્ત ભટ્ટ પરિવાર દ્વારા ઈષ્ટદેવ શ્રી હાટકેશ્વર દાદાની જયંતિ નિમિત્તે અણિયોર મુકામે પૂજન અર્ચન કરી સમસ્ત ભટ્ટ પરિવાર કુટુંબ સાથે રાત્રે રાસ ગરબાનું તેમજ વિરેશ્વર મહાદેવ તથા શરણેશ્વર મહાદેવ દર્શન પૂજન મહાઆરતી તથા પ્રસાદનું ભવ્ય આયોજન કરી ભટ્ટ પરિવારના દરેક વ્યકિતએ ધન્યતા અનુભવી હાટકેશ્વર જયંતિ ઉજવવામાં આવી હતી. (તસવીર : અશેષ ત્રિવેદી)

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

હનુમાન જયંતિ પર્વે પાલનપુર સહિત જિલ્લાભરમાં ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમ સાથે શોભાયાત્રા નિકાળવામાં આવી હતી.



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરાના જાડી ગામ ખાતે સોનગરા મામાજી અને હિંગળાજ માતાજીના ભવ્ય મંદિરમાં આજે ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જેમાં સંતવાણી ડાયરો અને ભજન જેવા કાર્યક્રમોમાં કલાકારોએ રમઝટ બોલાવી હતી. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રારંભે માથે કળશધારી કન્યાઓની સાથે ડીજેની સૂરાવલી સાથે ભવ્ય શોભાયાત્રા ગામમાંથી નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં સાધુ સંતો પણ જોડાયા હતા. સમગ્ર મહોત્સવને સફળ બનાવવા ગામના શ્રેષ્ઠીઓ વાલાભાઈ, રણછોડગીરીજી, પરથીભાઈ ભટોળ, હરજીવનભાઈ પટેલ, ગોવાભાઈ દેસાઈ, વસંતભાઈ પુરોહિત, ડૉ. સંજય દેસાઈએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧